ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૭-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### પોલિટિક્લ જીનિયસ અમિત શાહનુ ઊર્ધ્વારોહણ

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીમાં વિશ્વાસ મુકીને દેશની પ્રજાએ એમના હાથમાં કેન્દ્ર સરકારનું સુકાન સોંપ્યું હતું ત્યારે ભાગ્યે જ કોઇએ વિચાર્યું હશે કે સત્તાધારી પાર્ટીના નવા સુકાની તરીકે પણ કોઇ ગુજરાતી આગેવાન પર કળશ ઢોળાશે. અમિત શાહ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પદે વરાયા છે. તે ભારતીય રાજકારણની એક સીમાચિહ્નરૂપ ઘટના ગણાવી જોઇએ. 'પોલિટિકલ જીનિયર' સાહિત થયેલા એક યુવાન સાથીને આ પદ પર આરૂઢ કરીને નરેન્દ્ર મોદીએ નવો ચીલો ચાતર્યો છે. કોંગ્રેસમાં જયારે એક હથ્થુ પારિવારિક શાસનની પરંપરા નહોતી તે દિવસોમાં કયારેક સૌરાષ્ટ્રના ઉછૃંદરાય ઢેબર - જેમને દેશ 'ઢેબરભાઇ'ના હુલામણા નામે ઓળખતો હતો - કોંગ્રેસના અખિલ ભારતીય અધ્યક્ષ બની શક્યા હતા. પંડિત નહેરુના એ શાસનકાળમાં એક અદના ગાંધીજન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વડા હતા. ઇન્દિરા ગાંધી એમના હાથ નીચે કોંગ્રેસની યુવા પાંચના સુકાની તરીકે તાલીમ લઇ રહ્યાં હતાં! પાછળથી એ જ ઇન્દિરા ગાંધીએ કોંગ્રેસ પ્રમુખપદ પણ ઘરમાં જ રહે એવી પરંપરા શરૂ કરી દીધી હતી જે આજ સુધી એકાદ નરસિંહરાવ કે સીતારામ કેસરીના અપવાદ સિવાય નિરંતર ચાલતી રહી છે. નરસિંહ રાવ અને સીતારામ કેસરીને પણ કોંગ્રેસરનું અધ્યપપદ એટલા જ કારણસર સંભાળવું પડેલું કે તે સમયગાળા દરમિયાન સોનિયા ગાંધી રાજકારણમાં સક્રિય થવાના મુદ્દે અવઢવ અનુભવી રહ્યા હતા. એથી વિપરીત જનસંઘ અને એની સુધારેલી આવૃત્તિ જેવી ભારતીય જનતા પાર્ટીએ શરૂથી જ સમર્પિત રાષ્ટ્રવાદી નેતાઓને અધ્યક્ષપદે આરૂઢ કરી પ્રજા સમક્ષ લોકશાહીનું ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. અલબત્ત, પાર્ટીની સુકાનીની નિયુક્તિ પાછળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની રજામંદી અનિવાર્ય ગણાતી રહી છે, છતાં સંઘ પાર્ટી કે પ્રમુખ પર નિયંત્રણ રાકવા માટે એકાદ વરિષ્ઠ સ્વયંસેવકને મહામંત્રી બનાવડાવી બાજુએ હટી જતો રહ્યો છે. અમિત શાહની રાજકીય કુનેહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની નિકટતા જગજાહેર હતી. એમને ઉત્તરપ્રદેશના પ્રભારી તરીકે લોકસભાની ચૂંટણીમાં એંશીમાંથી ઇકોતેર બેઠકો ભારતીય જનતા પાર્ટીને અપાવી તે કોઇ નાનીસૂની સિદ્ધિ નથી. એક સમયે રાજયમાં ચોથા નંબરે ખસી ગયેલી ભારતીય જનતા પાર્ટીને મોદીવેવમાં આવી ઐતિહાસિક સફળતા સાંપડી એમાં સામા પૂરનાં તરવૈયા ગણાયા વ્યૂહનીતિકાર તરીકે અમિત શાહનો સિંહ ફાળો હતો, તેનો સંઘ અને મોદી સહિત તમામ વરિષ્ટ નેતાઓ એકી અવાજે સ્વીકાર કરે છે. ગુજરાતમાં મોદીના ગૃહરાજયમંત્રી તરીકે કામ કરતી વખતે અમિત શાહ કેટલાક ગંભીર-ચિત્રવિચિત્ર વિવાદોમાં ફસાયા હતા તે ત્યાં સુધી કે સોહરાબુદ્દીન તુલસી પ્રજાપતિના ફેક એન્કાઉન્ટરમાં તો એમનું નામ આરોપીઓની યાદીમાં ચડી ગયું હતું. 'સફેદ દાઢી' જેવા સાંકેતિક નામોની ઓળખાતા નરેન્દ્ર મોદી અને અમિત શાહની જુગલજોડી વિરૂદ્ધ ઝેર ઓખવામાં કોંગ્રેસના નેતાઓએ અને કેટલાક પોલીસ અધિકારીઓએ કોઇ જ કસર નહોતી રાખી. છેલ્લે બહુ ચગેલા મહિલા જાસૂસીકાંડમાં તો અમિત શાહની સીધી જ સંડોવણી સાબિત થઇ શકે એમ હતી. તેમ છતાં, અદાલતના હુકમથી ત્રણેક મહિના સાબરમતી જેલમાં અને તે પછી 'તડીપાર' સ્થિતિમાં દિલ્હીના ગુજરાત ભવનમાં રહેતા અમિત શાહ નરેન્દ્ર મોદીની ગુડબુકમાં હોવાનો લીધે રાજનાથસિંહના અધ્યક્ષપદ હેઠળની પાર્ટીમાં સીધા જ રાષ્ટ્રીય મહામંત્રી બની ગયા ત્યારે એમના ઊજળા ભવિષ્યના અણસાર મળી ગયા હતા. મોદી એમના સાચા શુભેચ્છકોને સમય આવ્યે કેવા ઊંચકે છે, એનો પણ ત્યારે અંદાજ મળી ગયો હતો. અમિત શાહ વિરૂદ્ધ હત્યા સહિતના કેસ પડતર હોવા છતાં એમને 'પાર્ટી વિથ ડિફરંસ' ની ઓળખ ધરાવતી ભારતીય જનતા પાર્ટીમાં પહેલાં મહામંત્રી અને પછી થોડાક જ મહિનામાં રાષ્ટ્રીય અધ્યક્ષપદે બેસાડી નરેન્દ્ર મોદીએ એક જ કાંકરે અનેક પક્ષીઓનો શિકાર કરી દીધો છે. મોદી માટે અમિત શાહ એક અસ્કામત રહ્યા છે, અને એમણે જ એક અદના પ્રચારકમાં કયારેક દેશનાં વડાપ્રધાન બનવાની ક્ષમતા નિહાળી હોવાનું પણ કહેવાય છે. એ દૃષ્ટિએ જોતાં અમિત શાહની દૂરંદેશિતા જ મોદીની અંદર બેઠેલા હનુમાનને જાંબવંતની જેમ ઉશ્કેરતી રહી, જેના પરિણામે વડનગરના સાધારણ ઘાંચી કુટુંબનો દીકરો દેશનો વડાપ્રધાન બની શક્યો છે. અમિત શાહ ઉત્તર ગુજરાતના માણસના નગરશેઠના સુપુત્ર છે. એક વણિક પુત્ર રાજકીય ક્ષેત્રે આવડું મોટું કાઢું કાઢે એ પણ આજના જ્ઞાતિવાદી રાજકારણનાં યુગમાં આશ્ચર્ય પમાડે એવી ઘટના છે. પરંતુ અમિત શાહે એમના ગર્દીશના દિવસોમાં ઉચ્ચારેલો શેર અદ્દલ સાચો પાડી બતાવ્યો છે. સમુદ્રમાં ભરતી - ઓટ તો આવ્યા કરે. અમિત શાહ લિટરલી એક બદનામ ગુનેગાર જેવી ગુમનામીમાંથી બારોબરા રાષ્ટ્રીય નેતાની ગરિમાએ પહોંચી ગયા, એમાં નરેન્દ્ર મોદીની કદરદાની ઉપરાંત એમની પોતાની કાર્યક્ષમતાનો પણ ફાળો છે જ વળી, સંઘ અને પાર્ટીના નેતાઓ પાસે નડ્ડા અને માથુર જેવા બીજા વિકલ્પો પણ હતા. પરંતુ વિવાદાસ્પદ ભૂતકાળના ભાર સાથે એમણે અમિત શાહને પોતાના રાહબર તરીકે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ પર આરૂઢ કરી એમના શિરે મોટી જવાબદારી પણ ઢોળી દીધી છે. નિકટ ભવિષ્યમાં આવી રહેલી જમ્મુ અને કાશ્મીર, મહારાષ્ટ્ર અને હરિયાણા જેવાં રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં ઉત્તરપ્રદેશની લોકસભાની ચૂંટણી જેવી જ ઝળહળતી ફતેહ મેળવવાની અપેક્ષા નવા રાષ્ટ્રીય અક્ષ્ય પાસે પાર્ટીને રહે, તે સ્વાભાવિક છે. અમિત શાહ ગુજરાતના મુખ્યમંત્રીપદના પણ એક દાવેદાર ગણાતા હતા. આનંદીબેન પટેલ અને અમિત શાહનાં જૂથો વચ્ચે હૂંસાતૂંસી પણ હતી. હવે ગુજરાતનાં વડાપ્રધાન અને ગુજરાતના જ રાષ્ટ્રીય અધ્યક્ષની યુતિ ભારતીય જનતા પાર્ટીને કેવી ફળ છે એ તો ભવિષ્ય જ કહેશે, પરંતુ આપણે ગુજરાતીઓએ તો બેઉને 'બેસ્ટ ઓફ લક' જ કહેવું રહ્યું!

# એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળાના બાળકોએ પુનિત વનની મુલાકાત લીધી

## ધો. ૧ અને ૨ ના બાળકોએ શાળા વિભાગ દર્શન કર્યું

ગાંધીનગર, તા. ૧૨
ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળાના ધોરણ-૩ અને ૪ ના બાળકોએ આજે સવારે ૮ કલાકે સેક્ટર-૧૯ માં આવેલા પુનિતવનની શૈક્ષણિક મુલાકાત લીધી હતી અને ધોરણ ૧ થી ૨ ના બાળકોએ શાળાના દરેક વિભાગોની મુલાકાત મેળવી હતી.



શિક્ષણની સાથે સાથે પ્રકૃતિ તરફનો લગાવ બાળકોમાં કેળવાય અને કુદરત સાથેનો નાતો વધુ ગાઢ બને તેવા આશયથી શાળાના આચાર્યા મિલિસિંહના માર્ગદર્શન હેઠળ આજે સવારે ધોરણ ૩-એ, ૩-બી, ૩-સી, ૩-ડી, ૩-ઈ અને ધોરણ-૪એ, ૪-બી, ૪-સી, ૪-ડી તથા ૪-ઈના કુલ ૪૮૫ બાળકો સાથે વર્ગ શિક્ષકો અને ઈન્ચાર્જ શિક્ષક સુખરામ ચૌધરી, ચંદ્રેશ પટેલે પુનિત વનની મુલાકાત લીધી હતી. બાળકોએ પ્રકૃતિના ખોળામાં જઈ વિવિધ વનસ્પતિઓની ઓળખ મેળવી હતી. વૃક્ષો અને પક્ષીઓ સાથે બાળકોએ બે કલાક ગાળ્યા હતા. ખાસ તો રાશિ પ્રમાણે વૃક્ષોની ઓળખ પણ બાળકોએ મેળવી પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

શાળાના ધોરણ-૧ અને ૨ ના વિદ્યાર્થીઓને શાળા પટાંગણનો સુ-પરિચય થાય તથા દરેક વિભાગોની જાણકારી મળે તે માટે દરેક વર્ગ શિક્ષક સાથે બાળકોએ શાળાની મુલાકાત લીધી હતી. શાળા કેમ્પસમાં આવેલા વિવિધ વિભાગો જેવા કે પુસ્તકાલય, કલાર્ક ઓફિસ, કમ્પ્યૂટર લેબ, વર્ગ ખંડો, સ્ટાફરૂમ, આચાર્યાની ઓફિસ, હોલ વગેરેની સમજૂતી ઈન્ચાર્જ શિક્ષિકા નેહલબેને આપી હતી. તેમની સાથે વર્ગશિક્ષકોએ પણ સુંદર કામગીરી સંભાળી હતી.



બાળકોની આ પ્રવૃત્તિને આચાર્યએ બિરદાવી હતી અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




**મિત્રો, તમારા બધા પ્રશ્નોનાં જવાબ આપીશ થોભો, હમણાંથી સર્વર કનેક્ટીવીટીનો પ્રોબ્લેમ છે...!!**

## એમ.બી. પટેલ કન્યા શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨
શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. ગીતસ્પર્ધા રાખવામાં આવી હતી. ધોરમ ૧ થી ૮ની વિદ્યાર્થીનીઓએ આચાર્યાશ્રી વર્ગ શિક્ષકશ્રીઓનું તથા સ્ટાફને કુમ કુમ તિલક કરી પૂજ્ય કર્યું હતું. આચાર્યાશ્રી નીરૂબેન પટેલે ગુરૂનું મહત્વ સમજાવ્યું હતું.

શાળાની ધો. ૫ થી ૮ ની દરેક વર્ગની એક એક વિદ્યાર્થીઓએ ગીત સ્પર્ધામાં ભાગ લીધો હતો. પ્રથમ સ્થાને નાયી દિપાલી, કોદરવી તેજસ્વીની, બીજા સ્થાને વ્યાસ ઈશિતા, ત્રીજા સ્થાને નાહરવાડ ભાવિકા ચોથા સ્થાને બારીઆ અનિતાએ મેળવેલ હતો. નિર્ણાયક તરીકે પ્રવિણાબેન તથા ફાલ્ગુનીબેન ફરજ બજાવી હતી. જયશ્રીબેને સંચાલન કર્યું હતું.

# યુદ્ધખોર 'અમિત'... સંસ્કારી 'આલોક'... સિંગર 'અલુ' અને કપિલને બાબાજી કા... !!!



વિગેરે...વિગેરે...
- અજય ઉપાધ્યાય
- akurjt@gmail.com

છેલ્લા બે વર્ષોમાં દસેક એવોર્ડ જીતી ચુકેલો અને હિન્દી સિનેમાનો ઓમપુરી અને નસુરીદીન શાહ પછીનો મોસ્ટ વરશેટાઈલ અભિનેતામાં જેની ગણના થાય છે એવો નવાઝુદીન સિદીક્કી, દમદાર અવાજ અને બોલતી આખોથી દર્શકો પર છવાઈ જતો કે.કે.મેનન, એક જમાનાની અને હજુયે એટલી જ ખુબસુરત લાગતી સારિકા અને આ બધાથી શિરમોર સદીનો શ્રેષ્ઠ મહાનાયક અને ટચુકડા પડદાનો બેતાજ બાદશાહ અમિતાભ બચ્ચન. એકસાથે આટલા બધા મહારથીઓ ભેગા થયા હોય તો એ સીરીયલ જોવાની સ્વાભાવિક જ ઈન્તેઝારી વધુ રહે કે નહિ ?

આવતીકાલ એટલે કે સોમવારથી રોજ રાત્રે ૧૦.૩૦ વાગ્યે સોની ચેનલ પરથી આ બધા જ ખમતીધરો એલાન કરશે યુદ્ધ- નું. યસ, સોમ થી ગુરુ રોજ રાત્રે સોની પરથી રજુ થનારી અને જેને જોવા માટે દર્શકો લાંબા સમયથી આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે એ અમિતાભ બચ્ચનની પહેલી સીરીયલ- યુદ્ધનો શુભારંભ થશે. કલર્સ પરથી -સારિત થયેલ અનીલ કપૂર અભિનીત મસ્ત સીરીઝ ૨૪નો નશો જો તમને હજુયે યાદ હોય તો યુદ્ધ- માં પણ એવી જ થ્રિલનો અનુભવ અને રોમાંચ માણવા મળશે. અમિતાભના પાત્ર યુધ્ધીશ્થીર પરથી આ સીરીયલનું નામ રખાયું છે જેમાં અમિતાભ એક કન્સ્ટ્રકશન કિંગની ભૂમિકા ભજવે છે પણ સફળતાની સાથે સાથે એના દુશ્મનો પણ ઘણા છે. બિજનેસને સફળ બનાવવામાં રચ્યા પચ્યા રહેવાને લીધે ઉભા થતા તણાવમાં અમિતાભની -થમ પત્ની એનાથી છૂટી પડે છે પછી એક રાજકારણીની પુત્રી સાથે થયેલા બીજા લગ્ન અને એનાથી થયેલા પુત્રના -મને લીધે ઉભી થતી પરીશ્થીતીને લીધે બચ્ચન એક અસાધ્ય રોગનો શિકાર બને છે. કૌટુંબિક તાણાવાણા, ધંધાકીય હરીફાઈઓ અને પોતાને થયેલી બીમારીનો ખુદ જ શિકાર નાં બની જાય એની કશ્મકશની વાત કરતા આ શો માં મર્ડર મિસ્ટ્રી, સસ્પેન્સ અને ભારોભાર રોમાંચ હોવાનું કહેવાય રહ્યું છે.

અમિતાભની જ કંપની સરસ્વતી ક્રીયેશને -ોડ્યુસ કરેલા આ થ્રીલરને જોવાનું બીજું એક સબળ કારણ છે એનો ક્રિયેટીવ ડાઈરેકટર અનુરાગ કશ્યપ. આમ તો રીભુદાસગુપ્તા આ શો ના ડાઈરેકટર છે પણ પડદા પાછળથી દોરીસંચાર અનુરાગ કશ્યપ અને હમણાં જ મદ્રાસ કાફે જેવી હટકે ફિલ્મ આપનાર સુરજીત સીરકાર નો છે. યુદ્ધ ભારતીય ટેલીવિજન પર અત્યાર સુધી -સારિત થયેલા ફિક્શન શો માં સૌથી ખર્ચાળ છે. અત્યારે ૨૦ હપ્તામાં રજુ થનારી આ થ્રીલરનો એક એપિસોડ અંદાજે ૩ કરોડના ખર્ચે બનાવ્યો છે. સાસ બહુ અને બકવાસ લવસ્ટોરીઓવાળી સીરીયલો વચ્ચે યુદ્ધ દર્શકોને રોમાંચ, લાગણીઓ અને કૈક નવું મનોરંજન પૂરું પાડશે કે નહિ એ તો સમય જ કહેશે પણ એક વાત ચોક્કસ છે કે અમિતાભ સહીત આટલા ટોચના કલાકારોનો કાફલો દર્શકોને ટીવી સેટ સામે બેસવા મજબુર કરી મુકશે અને ટચુકડા પડદે મહાનાયકની એક નવી ઈનિંગની શરૂઆત થશે.આવતીકાલે યુદ્ધના આગમન સાથે જ ૨૦૧૧થી રજુ થઈ રહેલી એકતા કપૂરની સીરીયલ- બડે અચ્છે લગતે હૈ - નું પેકઅપ થઈ જશે. યુદ્ધ શરુ થતા જ રામઁ આપણી વચ્ચેથી વિદાઈ લેશે. હે રામ!!!

જો બચ્ચન - રામને રિપ્લેસ કરે તો - બાબુજી- થોડા પાછળ રહે? ૭મી જુલાઈથી બાબુજીએ પણ ચંદ્રમુખી ચૌટાલાને હટાવીને સબ ટીવી પર રાત્રે કબજો જમાવી દીધો છે. યસ બકબક કરતી અને સટાસટ તમાચાઓ જીંકતી લેડી ઈન્સ્પેકટર ચંદ્રમુખીની જગ્યાએ સબ ટીવી પર વધુ એક નવીન -કારનો કોમેડી શો શરુ થયો છે જેનું નામ છે- તું મેરે અગલ બગલ હૈ, શાહીદકપૂરના સુપરહીટ સોંગ પરથી નામકરણ પામેલી આ સીરીયલ નવીન એટલા માટે છે કે આ શોનું ઓડીયન્સ લાઈવ છે મતલબ કે દર્શકોની સામે જ સીરીયલ સ્વરૂપે ભજવાઈ રહી છે. છે ને હટકે ? જો કે સબ ટીવી હમેશા પોતાની સીરીયલો દ્વારા કૈક ને કૈક નવું આપવાની કોશિશ કરતુ જ હોઈ છે અને એના આ -યાસોમાં ઘણી સારી સીરીયલો ફ્લોપ પણ ગયેલી છે છતાં પણ સબ પરથી હરહમેશ કઈક નવું ને અનોખું આવતું જ રહે છે.

તું મેરે અગલ બગલ-ની બીજી નવીનતા કહો કે ખાસિયત કહો પણ એ છે ગુજરાતી પરિવેશ. બંગલા નં. ૫ના માલિક અને ભાડુઆત વચ્ચે સર્જાતી રોજબરોજની ઘટનાઓને સાં-ત -વાહો સાથે જોડીને હાસ્ય ઉપજાવવાનો -યત્ન થયેલો છે અને એમાં ઉમેરાયા છે નખશીશ ગુજરાતી પાત્રો અને એ પાત્રોના રમુજી નામો. અપરા મેહતા (સાસ ભી કભી બહુ થી), રાજેષ કુમાર (યાદ છે ને સારાભાઈ વર્સીસ સારાભાઈ નો રોશેશ), ટેલેન્ટેડ મિમિક્રી કલાકાર અને ઉત્તમ સ્ટેન્ડઅપ કોમેડિયન સુગંધા મિશ્રા, ખીચડી ફેમ હંસા ઉર્ફે સુ-િયા પાઠક અને બધાથી શિરમોર સંસ્કારની મૂર્તિ એવા બાબુજી યાની કી આલોકનાથ. સોશિયલ મીડિયામાં સંસ્કારની મૂર્તિ તરીકે મહાફેમસ થઈ ચુકેલા અને જેના નીતનવીન જોકથી આપણે ખુબ ખડખડાટ હસ્યા છીએ એવા વડીલ શ્રીઆલોકનાથજી. આલોકનાથની નાના પડદે ઘણી ઈનીંગો આપણે જોયેલી છે. બુનિયાદના માસ્ટર હવેલીરામથી લઈ ને દો દિલ બંધે ડોરી સે ના બળવંત રાણા સુધીની. પણ આલોકનાથ પોતાની ટેલીવિઝન કારકિર્દીમાં પહેલી વખત કોઈ કોમેડી શો કરવા જઈ રહ્યો છે અને એ પણ સ્ટેન્ડ અપ કોમેડી. સદા સંસ્કારી અને આશીર્વાદની ગંગા વહેવતા રહેતા બાબુજી ટાઈપ ગંભીર પાત્રોમાંથી નીકળીને આલોકનાથ કેટલી હાસ્યની ગંગા વહાવી શકે છે એ જોવાની મજા આવશે.

વાર્તા જ એક ગુજરાતી પરિવારની આસપાસ ચકરાવા લ્યે છે તો નામ પણ ગુજરાતી જ હોવાના ને? જો કે આમાં તો નામ પણ સાંભળીને જ હસવું આવે એવા છે જો કે છે તો ગુજરાતી જ. લ્યો થોડા નામ - નમૂનાઓ - ખાખરા (સમીર શાહ), ખાંડવી (અમી ત્રિવેદી), બાસુંદી (અપરા મહેતા) અને આ ઉપરાંત અનુ અને મલિક નામના બે બીજા પાત્રો પણ ખરા. આખા શો નો કોન્સેપ્ટ ઘણો હટકે છે. સ્ટેજ પર વિશાળ બંગલાના સેટ પર, લાઈવ દર્શકોની સામે કોમેડી કરવી અને સ્ટુડીઓના દર્શકો અને ઘરે ટીવી સામે બેસીને શો જોતા દર્શકો ને જકડી રાખવા એ આ શો અને કલાકારો માટેની સૌથી મોટી ચેલેન્જ બની રહેશે. સોમવારથી શરુ થયેલા આ શો ના અત્યાર સુધીના એપિસોડ જોવાની તો મજા જ આવી છે. સબ ટીવી એ શો નું આ -કારનું ફોરમેટ રાખી ને આમ તો કપિલના -ખ્યાત અને સફળ શો કોમેડી નાઈટ વિથ કપિલને સ્પર્ધા પૂરી પાડવાનો -યત્ન કરેલો છે કેમકે આમ જોવા જાવ તો કપિલનો શો પણ લાઈવ દર્શકો સામે રજુ થતો એક -કારનો સ્ટેન્ડઅપ કોમેડી શો જ છે જેનો મોટાભાગનો હિસ્સો દર્શકો સાથે વાતો અને સવાલ જવાબો દ્વાર કનેક્ટેડ છે. જોઈએ દાદી, બુઆ અને કપિલના રમુજી વન લાઈનર્સ અને ફની રજૂઆત સામે મહાસંસ્કારી બાબુજીના આ ભાડુઆતો કેવો રંગ જમાવી શકે છે. જો સબનો આ નવીન -યાસ સફળ થશે તો ચોક્કસપણે આપણને આવનારા દિવસોમાં સબ અને બીજી ચેનલો પર આવા દર્શકોની લાઈવ હાજરીવાળા -ોગ્રામો જોવા મળી શકે છે.

કોમેડી નાઈટ વિથ કપિલની વાત જ નીકળી છે તો કપિલ યાદ આવ્યા વગર થોડો રહે? કપિલનો આ શો કલર્સ પર સફળતાના એક પછી એક ઝંડા ખોડી રહ્યો છે પણ લાગે છે કે કપિલની હિન્દી ફિલ્મોના હીરો બનવાનું ખ્વાબ હજુ ખ્વાબ જ રહેશે. ગાયક બનવા માટે મુંબઈ આવેલો કપિલ બની તો ગયો કોમેડીનો શહેનશાહ પણ એનું સ્વપ્ન તો છે હિન્દી ફિલ્મનો હીરો બનવાનું. કોમેડી સર્કસની સફળતા વખતે પણ સલમાનખાન અભિનીત અને સોહેલખાન નિર્દેશિત શેરખાન ફિલ્મમાં એને સાઈન કર્યાના સમાચારો ગાજેલા પણ શેરખાનનું શું થયું એ જ કોઈ ને ખબર નથી ત્યાં કપિલનો તો કોણ ભાવ પૂછે. પણ પછી કપિલે હિમ્મત કરીને કલર્સ પર પોતાનો શો કોમેડી નાઈટ વિથ કપિલ શરુ કર્યો અને જોતજોતામાં આ શો એ કોમેડી શો ની દુનિયામાં નવું અને ચું નામ હાસિલ કરી લીધું એ પણ એટલે સુધી કે અનેક સપ્તાહો સુધી કપિલનો આ શો ટીઆરપી ની દુનિયામાં સરતાજ બનતો રહ્યો અને હજુ પણ વિકએન્ડમાં રજુ થતો હાસ્યનો આ ફુવારો એટલો જ લોક-િય છે. વચ્ચે અનીલકપૂરની ૨૪ ને લીધે સપ્તાહમાં એક વાર કરાયેલો આ શો ફરીથી સપ્તાહમાં બે વખત દર્શકોનું મનોરંજન કરી રહ્યો છે.

કોમેડી નાઈટની સફળતા એ કપિલને અપાવી યશરાજ ફિલ્મ્સમાં જગ્યા. યશરાજ ફિલ્મ્સે એને સાઈન કર્યો એક નહિ પણ પૂરી ત્રણ ફિલ્મો માટે અને કપિલને લાગ્યું કે એનું સપનું પૂરું થવા જઈ રહ્યું છે. પણ કહેવાય છે ને કે બધે લાડવો ખાવા જતા ભૂખ્યા રહેવાય એમ જો ફિલ્મનું શુટિંગ કરવા જાય તો કપિલને કોમેડી નાઈટ્સ છોડવી પડે અથવા તો એને સપ્તાહમાં એક દિવસ કરવી પડે અને કપિલ અત્યંત લોક-િય અને એની સફળતામાં જેનો મોટો ફાળો છે એ કોમેડી નાઈટ્સને ઘટાડવા કે બંધ કરવા તૈયાર નાં થયો. ત્રણ માં થી એક ફિલ્મઁ બેન્કચોરઁ ની -ાથમિક તૈયારીઓ યશરાજ ફિલ્મ્સે પૂરી કરી અને કપિલની ડેટ્સની રાહ જોતા રહ્યા પણ કપિલ અને કલર્સ વચ્ચે કોમેડી નાઈટ્સને લીધે અંટસ વધતી ચાલી એ એટલે સુધી કે વચમાં એવા પણ સમાચાર આવ્યા કે કોમેડી નાઈટ્સ થોડો સમય માટે બંધ થઈ રહ્યો છે. જો કે અંતે કપિલે એ વાત ને રદિયો આપ્યો પણ યશરાજ કપિલની વધુ રાહ જોઈ શકે એવી સ્થિતિમાં હતા નહિ અને આ બાજુ જો કપિલ કોમેડી નાઈટ્સ બંધ કરે અથવા તો સપ્તાહમાં એક વાર રજુ કરવા તૈયાર થાય તો એના જેવો જ બીજો શો લાવવાની કલર્સના સંચાલકોએ તૈયારી રાખેલી.

કલર્સના લોકો સાથે અનેક બેઠકો પછી પણ કોઈ સમાધાન નાં નીકળતા અને કપિલની તારીખોનો મેળ નાં પડતા આખરે યશરાજ ફિલ્મ્સે

● અનુસંધાન પાના ૭ પર



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં પ્રથમ શતાબ્દી ફિલ્મ પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો હતો?
➜ **વહિદા રહેમાન**
૨. ૨૦૧૪માં ભારતીય વાયુસેનામાં કયા યુદ્ધવાહક વિમાનનો સમાવેશ કરવામાં આવ્યો હતો?
➜ **તેજસ**
૩. ૨૦૧૪માં સમગ્ર ભારતમાં પ્રથમવાર કયા જિલ્લાની જિલ્લા અદાલતમાં સમાધાનકારી વિન્ડો ખોલવામાં આવી છે?
➜ **વલસાડ જિલ્લા અદાલત**
૪. કસ્ટોડિયલ ડેથના મામલે ગુજરાત દેશભરમાં હાલ કેટલામું સ્થાન ધરાવે છે?
➜ **ત્રીજું**
૫. ગુજરાતમાં વકીલોને હવેથી દર કેટલા વર્ષે સનદ રિન્યુ કરાવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે?
➜ **પાંચ**
૬. ૨૦૧૪માં સાહિત્ય અકાદમીનો એવોર્ડ કયા ગુજરાતી કવિને આપવામાં આવ્યો હતો?
➜ **ચિનુ મોદી**
૭. ૨૦૧૪ માં દેશનું પ્રથમ દૂધ માટેનું એટીએમ કયાં શરૂ કરવામાં આવ્યું છે?
➜ **આણંદ**
૮. ૨૦૧૩માં સંસદમાં કુલ કેટલા બિલને પાસ કરવામાં આવ્યા હતા?
➜ **૧૫**
૯. ૨૦૧૪ ઉત્તર પ્રદેશ હાઇકોર્ટે રાજયના કયા વૃક્ષો કાપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે?
➜ **આંબાનાં વૃક્ષ**
૧૦. અરૂપ રાહા વાયુદળના કેટલામાં વડા બન્યા?
➜ **૨૪**
૧૧. ૨૦૧૪માં વર્લ્ડ વાઇલ્ડ વેબ (WWW) ના ૧૨મી માર્ચે કેટલા વર્ષ પૂર્ણ થયા હતા?
➜ **૨૫ વર્ષ**
૧૨. ૨૦૧૪માં એશિયાઇ વિકાસ બેંકના અધ્યક્ષ સ્થાને કઇ ભારતીય મહિલાને નિમણૂંક કરવામાં આવી છે?
➜ **લક્ષ્મી સ્વામિનાથન**
૧૩. ૨૦૧૪માં દેશના કયા રાજયમાં પ્રસિદ્ધ મરુમહોત્સવ યોજાયો હતો?
➜ **રાજસ્થાન**
૧૪. વર્ષ ૨૦૧૪માં ભારતમાં આયાતના દરોમાં કેટલા ટકાનો ઘટાડો નોંધાયો હતો?
➜ **૧૭.૯ ટકા**
૧૫. વર્ષ ૨૦૧૪માં ત્રીજી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સ્તરીય બેઠક કયા યોજાઇ હતી?
➜ **નવી દિલ્હી**
૧૬. ૨૦૧૪માં વિમા કંપની ન્યુ ઇન્ડિયા ઇન્સ્યોરન્સએ ખાસ કન્યાઓ માટે કયા નામથી વિશેષ વિમા યોજના શરૂ કરી છે?
➜ **ન્યુ ઇન્ડિયા આશા કિરણ**
૧૭. ૨૦૧૪ એશિયાકપ ક્રિકેટમાં કઇ ટીમ ચેમ્પિયન બની હતી?
➜ **શ્રીલંકા**
૧૮. ૨૦૧૪માં ભારતે કયા દેશ સાથે સૌથી વધુ તેલ વ્યાપારની ભાગાદારી કરી છે?
➜ **દુબઇ**
૧૯. ૨૦૧૪માં કઇ ભારતીય મહિલાને આંતરરાષ્ટ્રીય મહિલા સાહસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?
➜ **કુમારી લક્ષ્મી**
૨૦. તાજેતરમાં ભારતની સૌથી મોટી નાઇટ મેરાથોન દોડ ગુજરાતના કયા શહેરમાં યોજાઇ હતી?
➜ **સુરત**